ક્રમાંક:મઉમશબ/શાનિ/ ૧૮-૮૮૫/૮-૨૮
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૫/૨/૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ)
ગુજરાત રાજય.

વિષય:- કોશન મની(બાંહેધરી ફી) વિદ્યાર્થીને / વાલીને પરત આપવા અંગે.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું રાજયની નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશ સમયે કોશન મની (બાંહેધરી ફી) લેવામાં આવે છે. જે સામાન્ય રીતે વિદ્યાર્થી શાળા છોડે ત્યારે પરત કરવાની હોય છે, પરંતુ કેટલીક શાળાઓ આવી કોશન મની(બાંહેધરી ફી) વિદ્યાર્થી/વાલીને પરત ન કરતાં આવા ફંડનો અંગત હેતુ માટે ઉપયોગ કરતા હોવાનું ધ્યાને આવેલ છે શાળા સંચાલક મંડળે / આચાર્યએ વિદ્યાર્થીઓ પાસેથી લીધેલ કોશન મની(બાંહેધરી ફી) વિદ્યાર્થી શાળા છોડે ત્યારે અથવા અભ્યાસ પૂર્ણ થાય ત્યારે શાળા છોડયાના પ્રમાણપત્ર (LC) ની સાથે પરત કરવાની રહેશે. આ બાબતની જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે.

વધુમાં જે વિદ્યાર્થીઓએ શાળા છોડી દીધેલ છે જેની જમા કોશન મની (બાંહેધરી ફી) સંબંધિત વિદ્યાર્થીને દિન-૩૦માં પરત કરી, કરેલ કાર્યવાહીની જાણ સંબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને કરવા આથી સૂચના આપવામાં આવે છે.

ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

(આર.આઇ.પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

D:\sanny\સચિવ\r.i.patel sir.docx